
# શહેરના શનિદેવના મંદિરોમાં ભાવિકો ઉમટ્યા

## શનિદેવના મંદિરોમાં મંત્રોચ્ચાર ગુંજી ઉઠ્યાઃ મહાપૂજન, ધજારોપણ, મહાઆરતી, અભિષેક, શનિદેવ ચાલીસાના પાઠ સહિતના કાર્યક્રમો યોજાયા



ગાંધીનગર, તા. ૧૯
વૈશાખ વદ અમાસની ઉજવણી શનિ જયંતી તરીકે કરવામાં આવે છે.શુક્રવારે શહેર માં ઘોર કળીયુગના અધિપતિ શનિ જયંતિની પરંપરાગત રીતે ભાવ અને ભકિતમય માહોલમાં ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઠેર-ઠેર મહાપૂજન, ધજારોપણ, મહાઆરતી, અભિષેક, શનિદેવ ચાલીસાના પાઠ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરના સેક્ટર ૪ માં શનિદેવ મંદિરમાં, અડાલજ, વાવોલ ખાતે શનિદેવ મંદિરમાં સૂર્યપુત્ર શનિદેવની જયંતિની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. શનિદેવની આરાધનાના આ મહાપર્વ શનિજયંતિના અવસરે વહેલી સવારથી જ શનિદેવના મંદિરોમાં ભાવિકો ઉમટી પડ્યા હતા. કર્મફળના દાતા અને ન્યાયના દેવતા શનિદેવની જયંતિ અવસરે ભાવીકો દ્વારા સરસવના તેલ, કાળા કાપડ, કાળા તલનો અભિષેક કરવામાં આવ્યો હતો.

સરસવના તેલથી દિપજયોત પ્રજવલિત કરવામાં આવી હતી. આ ઉપરાંત શ્રધ્ધાળુઓ દ્વારા હનુમાન ચાલીસા, સુંદરકાંડનો પાઠ કરવામાં આવ્યા હતાં.શનિ જયંતિએ ગજકેસરી યોગને અનુલક્ષીને પુજા અને દાન માટે ખુબ લાભદાયક હોય ચોતરફ ભોજન (મહાપ્રસાદ) તેમજ સાધુ,સંતો, અને જરૂરીયાતમંદોને વસ્ત્રદાન, અન્નદાન કરવામાં આવ્યું હતું. શુક્રવારે સવારથી જ શનિદેવના મંદિરોમાં ધર્મ અને ભકિતકાર્યો તેમજ જીવદયા પ્રવૃતિઓનો ધમધમાટ જામ્યો હતો.

જ્યોતિષમાં શનિદેવને ન્યાયના દેવતા તરીકે વર્ણવવામાં આવ્યા છે.

તેનો અર્થ છે કે, શનિદેવ જાતકને તેના કર્મો પ્રમાણે ફળ આપે છે. જે વ્યક્તિના સદકર્મ હોય છે તેને દરેક ક્ષેત્રમાં સફળતા મળે છે અને જે વ્યક્તિના ખાતામાં કુકર્મ વધુ હોય તેને અશુભ ફળ મળે છે. તેમને અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. શનિદેવને પ્રસન્ન કરવા માટે શનિ જયંતિ નો દિવસ ખૂબ જ મહત્વનો માનવામાં આવે છે. આ દિવસે કેટલાક ખાસ ઉપાય કરવાથી શનિની સાડાસાતી અને પનોતીની અશુભ અસર ઓછી કરી શકાય છે.તેથી શનિદેવ ના ભકતો દ્વારા શ્રધ્ધા પૂર્વક મંદિરોમાં પૂજા અને પાઠ કરવામાં આવ્યા હતાં.

# શનિ જયંતિ નિમત્તે અડાલજ શનિ સંકુલ ખાતે મહાપૂજા-અભિષેક





ગાંધીનગર, તા.૧૯
આજે વૈશાખ વદ અમાવસના રોજ શનિ જયંતિનુ પાવન પર્વ છે. આ પવિત્ર દિને ગાંધીનગર જિલ્લાના અડાલજ ખાતેના શનિ સંકુલ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શનિ મહાપૂજા અને અભિષેક યોજાયા હતાં. શનિ જયંતિ નિમિત્તે આ દિવસે સમગ્ર દિવસ દરમ્યાન સુકીભાજીના પ્રસાદનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે કુડાસણના અર્બુદા ગૃપ દ્વારા છાશ વિતરણ પણ કરાયું હતું. આ ઉપરાંત રાત્રે ૮ કલાકથી મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શનિજયંતિ નિમિત્તે આયોજિત આ વિશેષ આયોજનમાં શનિદેવના ભાવિકોએ મોટી સંખ્યામાં મહાપૂજા, અભિષેક અને પ્રસાદનો લાભ લીધો હતો.





# યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ સમર કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯
નવમા આંતર રાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય સરકારના રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓમાં બાળપણથી જ યોગ, પ્રાણાયામ, આસનોના માધ્યમથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા હેતુથી યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આપણી શાળામાં ધોરણ ૫થી ધો ૧૦ વય મર્યાદા ૯વર્ષથી ૧૫ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ સમર કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાના શાળાના ક્લાસ ટીચર પાસે નામ નોધવવાનું રહેશે. યોગ સમર કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે ૭૫ વિદ્યાર્થીઓની યોગ સમર કેમ્પમાં પસંદગી કરવામાં આવશે. યોગ સમર કેમ્પ તારીખ ૨૧.૦૫.૨૦૨૩થી ૩૦.૦૫.૨૦૨૩ દરમ્યાન દસ દિવસ માટે યોજાશે જેનો સમય સવારે ૭.૩૦ થી ૯.૦૦નો રહેશે. યોગ સમ રકેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સાથે પાથરણું (શેતરંજી કે યોગ મેટ), પાણી બોટલ, હાથ રૂમાલ વગેરે સાથે લઈને આવવાનું રહેશે અને કેમ્પ દરમ્યાન દરરોજ સમયસર હાજર રહેવાનું રહેશે. યોગ સમર કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. રજીસ્ટ્રેશન કરાવી નિયમિત હાજર રહેનાર પ્રથમ ૭૫ વિદ્યાર્થીઓને આકર્ષક કિટ આપવામાં આવશે. વિદ્યાર્થીઓમાં સમર કેમ્પના માધ્યમથી યોગ અભ્યાસમાં સ્કિલ ડેવલપમેન્ટ થશે. વિદ્યાર્થીઓના શારીરિક બાંધાનો અને માનસિક વિકાસ દ્વારા સર્વાંગી વિકાસ થશે જેમાં નિયમિત યોગ અભ્યાસથી ઓછી ઉંચાઈ, મેદસ્વીપણું, આંખોમાં ચશ્મા નંબર, યાદશકિત, ભણતરનો તણાવ, બેધ્યાનપણું, શારીરિક દુર્બળતા, પાચન, હિમોગ્લોબીન ઉણપ, અપૂરતો વિકાસ વગેરે સમસ્યાઓમાં લાભ રહેશે. વિદ્યાર્થીઓમાં બાળપણથી આપણી યોગ સંસ્કૃતિ સાથે જોડાણ વધવા સાથે તેમના ટીવી, મોબાઈલ ફોનના ઉપયોગના દૂષણ માંથી બહાર લાવવામાં મદદરૂપ થશે. યોગ -પ્રાણાયામથી એકાગ્રતામાં વધારો થાય જેથી બાળક અભ્યાસમાં હોશિયાર બનશે. તેમને યોગ આહારની સમજ દ્વારા સાચા ખાન પાનની સુટેવનો વિકાસ કરવામાં આવશે.



કાળઝાળ ગરમીમાં શ્રમજીવી પરિવાર મોટરસાયકલ પર પ્લાસ્ટીક અને લોખંડ વીણી રહ્યો છે. બે ટંકના રોટલા ભેગા કરવા આખે આખો પરિવાર ગરમીની પરવાહ કર્યા વિના મજૂરી કરી રહ્યો છે.

# આવતીકાલે સે.૧૬માં બ્રહ્મભવન હોલ ખાતે રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૯
ઉનાળાની ગરમી દરમિયાન ઓછા બ્લડ ડોનેશનને કારણે લોહીની અછત સર્જાતી હોય છે જેને કારણે મુશ્કેલ સમયમાં જરૂરિયાતમંદ વ્યક્તિને લોહી ન મળવાને કારણે ખૂબ જ ગંભીર પરિસ્થિતિ સર્જાતી હોય છે. આ પરિસ્થિતિમાં લોહીની જરૂરિયાતને પહોંચી વળવા માટે શહેરના સેવાભાવી યુવાનોનિજ સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા તા.૨૧મી મે, રવિવારના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી પાસે બ્રહ્મભવન હોલ ખાતે સવારે ૮થી બપોરે ૨ વાગ્યા સુધી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન શિબિરમાં એકત્રિત થનાર રક્ત "ગાંધીનગર સિવિલ હોસ્પિટલ" મારફતે જરૂરીયાતમંદ વ્યક્તિ સુધી મફતમાં પહોંચાડવામાં આવશે. આ રક્તદાન શિબિરમાં રજીસ્ટ્રેશન કરાવવું હિતાવહ છે જે માટે મો. નં.૯૫૭૪૫૬૭૦૪૧ પર ફોન કે મેસેજ કરવા જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂંજ ફાઉન્ડેશન ગાંધીનગરમાં ઘણા વર્ષોથી રક્તદાનની સેવા પ્રવૃતિ માટે કાર્યરત છે અને તે થકી અસંખ્ય જરૂરિયાતમંદ દર્દીઓને રક્તની જરૂરિયાતના સમયે મદદરૂપ બની ચુકી છે.

# રાજ્ય સરકારમાં ભરતી પરીક્ષા માટેના નવા પરીક્ષા નિયમોની જાહેરાત થઈ

● **Gujarat Subordinate Services, Class III (Group – A and and Group – B) (Combined Compªitive Examination) Rules, 2023.**

● ગુજરાત સરકાર દ્વારા હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને જુનિયર ક્લાર્ક માટે ના નવા પરીક્ષા નિયમો જાહેર

● બે તબક્કામાં યોજાશે પરીક્ષા : પ્રથમ તબક્કો પ્રાથમિક પરીક્ષાનો અને દ્વિતીય તબક્કો મુખ્ય પરીક્ષાનો રહેશે

● પ્રાથમિક પરીક્ષા એલિમિનેશન પ્રકારની પરીક્ષા રહેશે અને પ્રિલિમિનરી પરીક્ષાના ગુણના આધારે જાહેરાત મુજબની જગ્યાઓના ૦૭ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે પસંદ કરવામાંઆવશે.

● જે તે સંવર્ગ અને કચેરીની પસંદગી મુખ્ય પરીક્ષામાં મેળવેલ ગુણને ધ્યાનમાં રાખતા મેરીટ કમ પ્રેફરન્સના આધારે થશે.

● પરીક્ષા પદ્ધતિને અનુલક્ષીને ક્લાર્ક સંવર્ગને મુખ્ય બે જૂથમાં વહેંચવામાં આવ્યા છે

● ગ્રુપ–એમાં હેડ ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, સચિવાલય સંવર્ગના ઓફિસ આસીસ્ટન્ટ અને જિલ્લા કલેક્ટરની કચેરી ખાતેના જુનિયર ક્લાર્કનો સમાવેશ થાય છે.

● ગ્રુપ-બીમાં જિલ્લા કલેકટરશ્રી કચેરી સિવાયના ખાતાના વડાની કચેરીના જુનિયર કારકૂનનો સમાવેશ થાય છે

● ઉપર સૂચિત પાંચ સંવર્ગો માટે ઉમેદવારે એક જ અરજી કરવાની રહેશે.

● ઉમેદવાર ગ્રુપ-એ અથવા ગ્રુપ-બી અથવા બંને ગ્રુપ માટે ઉમેદવારી નોંધાવી શકે છે.

● તમામ ઉમેદવારોએ પરીક્ષા ફોર્મ ની સાથે સરકારે નિયત કરેલી ફી ભરવાની રહેશે અને જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહેશે તેને તેની ભરેલી ફી પરત કરવામાં આવશે

● પ્રાથમિક પરીક્ષા ૧૦૦ હેતુલક્ષી પ્રશ્નો ધરાવતી ૧૦૦ ગુણની અને એક કલાકની રહેશે.

● ગ્રુપ એ અને ગ્રુપ બી માટે અલાયદુ મેરીટ બનશે અને પ્રત્યેક ગ્રુપમાં રહેલ સંવર્ગોની કુલ જગ્યાના આશરે ૭ ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે પસંદ કરવામાં આવશે

● ગ્રુપ એ માટે મુખ્ય પરીક્ષા વર્ણનાત્મક પ્રકારની રહેશે જેમાં ત્રણ પ્રશ્નપત્રો નો સમાવેશ થશે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું પ્રશ્નપત્ર ત્રણ કલાકનું અને ૧૦૦ ગુણનું રહેશે જ્યારે સામાન્ય અભ્યાસનું પ્રશ્નપત્ર ૧૫૦ ગુણનું અને ત્રણ કલાકનું રહેશે. આમ, કુલ ૩૫૦ ગુણની પરીક્ષા રહેશે.

● ગ્રુપ બી માટે મુખ્ય પરીક્ષા ૨૦૦ હેતુલક્ષી પ્રશ્નો ધરાવતી ૨૦૦ ગુણની અને બે કલાકની રહેશે.

● પ્રત્યેક ગ્રુપમાં રહેલ સંવર્ગોની કુલ જગ્યાના આશરે ૨ ગણા ઉમેદવારોને મેરીટ મુજબ પ્રમાણપત્ર ચકાસણી માટે માટે પસંદ કરવામાં આવશે ત્યારબાદ મેરીટ આધારિત લાયક ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ થશે.

● ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની સુચના અનુસાર ઉમેદવારો જગ્યા માટે તેમની પસંદગી ઓનલાઈન આપી શકશે અથવા મંડળ ખાતે મેરીટ મુજબ રૂબરૂ હાજર રહીને તેમને ઉપલબ્ધ જગ્યાઓ પૈકી પસંદગી કરીને જે તે જગ્યા/કચેરી/સંવર્ગની ફાળવણી મેળવી શકશે.

● મંડળ દ્વારા ફાળવણી થયેલ ઉમેદવારોની જે તે કચેરી અને મહેસૂલ વિભાગને ભલામણ કરવામાં આવશે.

● ગ્રુપ - એ માં સમાવેશ થયેલ જિલ્લા કલેક્ટરની કચેરી ખાતેના જુનીયર કારકૂન સંવર્ગમાં ઉમેદવારી નોંધાવતા ઉમેદવારોએ મહત્તમ ત્રણ જિલ્લા અંગેની પસદંગી આપવાની રહેશે.

● મહેસૂલ વિભાગ ખાતે પસંદગી પામતા અને ભલામણ કરાયેલ ઉમેદવારોને જિલ્લા ફાળવણી મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવશે. ઉમેદવારને પોતાની પસંદગીના ત્રણ જિલ્લામાં જો મેરિટ અનુસાર પસંદગી ન મળે તો જિલ્લા પસંદગીની પ્રક્રીયા પૂર્ણ થયેથી ખાલી જગ્યાઓના આધારે જિલ્લાઓને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવશે અને બાકી રહેલ ઉમેદવારોને જિલ્લાની ફાળવણી કરવામાં આવશે.

**સૂચિત પધ્ધતિની વિશેષતાઓ :-**

● પ્રિલિમિનરી એક્ઝામિનેશન એલીમીનેશન ટેસ્ટ હોવાથી તેના ગુણ મેરીટમાં ના ગણાતા હોવાના કારણે ગેરરીતીને નિયંત્રણમાં રાખી શકાશે.

● દ્વિતીય સ્તરની મુખ્ય પરીક્ષા માટે જાહેરાતની કુલ જગ્યાના આશરે સાત ગણા ઉમેદવારો પાત્ર બનતા હોવાથી, નિયંત્રિત સંખ્યા સાથે વધુ સઘન નિયંત્રણ અને ઈચ્છિત સુરક્ષા માપદંડ સાથે પરીક્ષાનું આયોજન શક્ય બનશે.

● તમામ ઉમેદવારો માટે ફી રાખવામાં આવેલ છે અને જે ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહેશે તે ઉમેદવારોને ફી પરત કરવામાં આવશે.

આમ, પરીક્ષા પ્રત્યે ગંભીરતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરશે જેથી યોગ્ય સ્પર્ધાત્મક વાતાવરણ રચાશે.

● ગ્રુપ – એ માં સમાવિષ્ટ સંવર્ગો માટે વર્ણનાત્મક ઢબની પરીક્ષા હોવાના કારણે રાજ્ય સરકારને ઉચ્ચ ગુણવત્તા ધરાવતો વર્ગ-૩ નો સ્ટાફ મળી રહેશે.

● સૂચિત દ્વિ-સ્તરીય પરીક્ષા પધ્ધતિ મુજબ એક જ પરીક્ષા અંતર્ગત ઉક્ત વહીવટી સંવર્ગોની ભરતી પ્રક્રિયા સંપન્ન થતી હોવાથી હાલની ભરતી પ્રક્રિયાની સમસ્યાઓ અને મર્યાદાઓનો ઉકેલ લાવી શકાય છે અને સુદ્રઢ પરીક્ષા પધ્ધતિથી સમયસર, સઘન અને મર્યાદીત ખર્ચ સાથેની ભરતી પ્રક્રિયા આયોજીત કરી શકાય છે.

# વાવોલના વડીલોએ વૃદ્ધાશ્રમના વડીલોની આંતરડી ઠારી...!!!



ગાંધીનગર, તા. ૧૯
એક વડીલ જ બીજા વડીલની વ્યથા સારી રીતે સમજી શકે છે. ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં શાંતિનગર સોસાયટી પાસેના જોગણી માતાના મંદિરે સરખો સરખા મિત્રો સાથે મળીને ધાર્મિક સત્સંગ અને સેવા કાર્યો કરતાં વાવોલના વડીલોએ આ વાતને સાચી ઠેરવી દેખાડી છે. વાવોલના જોગણી માતા સિનિયર સિટિઝન ગૃપ દ્વારા ગત તા.૧૫મી મે, સોમવારના રોજ એક નાનકડો પ્રવાસ ખેડવામાં આવ્યો હતો જેમાં વડીલોએ વડતાલ, પીપળાવ આશાપુરી માતા, રઢું કામનાથ મહાદેવ, સિદ્ધિવિનાયક વગેરે ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી. આ સાથે વડીલોએ મહેમદાવાદના શારદા શાન્તિ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ ત્યાં આશ્રિત વૃદ્ધોને ભોજન કરાવ્યું હતું અને તે ભોજનમાં તેઓ પણ જોડાયં હતાં. પોતાના સરખી વયેવયના વડીલોએ આત્મિય ભાવ સાથે વૃદ્ધાશ્રમના વડીલોને ભોજન કરાવ્યું ત્યારે વૃદ્ધાશ્રમના વડીલો પણ ગદગદિત થઈ ગયાં હતાં.

# આવતીકાલે "સાબરમતી કોલિંગ" અંતર્ગત યુવાનોનું સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૧૯
ગાંધીનગરમાં કેટલાંક જાગૃત યુવાનોના "સદગમય" ગૃપ દ્વારા આવતીકાલે તા.૨૧મી મે રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમ્યાન શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ પાસે નદીના પટમાં "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતાં આ ગૃપના યુવાનોએ ગત સપ્તાહે "સાબરમતી કોલિંગ" નામનું સ્વચ્છતા અભિયાન શરુ કર્યુ હતું અને તેમના આ અભિયાનને "આપણું એક પગલું પ્રકૃતિ માટે" કહીને અન્યોને પણ જોડાવા માટે હાકલ કરી છે. જે કોઈને આ કાર્યમાં રસ પડે તેને સ્વૈચ્છિક રીતે જોડાઈ જવા તેમણે સોશિયલ મિડીયા થકી હાકલ કરી છે. યુવાનોએ જોડાવા માંગતા જાગૃત શહેરીજનોને મો.નં. ૭૬૦૦૦૦૨૧૭૪ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે.